બોર/ટ્યૂબ વેલમાં ફસાઈ જતા બાળકોના
બનાવોને અટકાવવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંક : ડી.એમ.એ.–૧૦૨૦૧૦–૩૩૦–પુ.વ.પુ.નિ.
મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭/૨/૨૦૧૧.

સંદર્ભ: (૧) આસીસ્ટન્ટ રજીસ્ટ્રારશ્રી, નામ. સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા, નવી દિલ્હીના
તા.૧૭/૨/૨૦૧૦ના પત્ર ક્રમાંક: ૧૯૪/૨૦૦૯/એસ.સી./પી.આઈ.એલ.સી.
(૨) નામ. સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા, નવી દિલ્હીની રીટ પીટીશન (સિવિલ) નં. ૩૬/૨૦૦૯.

**આમુખ**

બોર, કુવા તથા પાતાળ કુવા અથવા ખંડીયેર થયેલા કુવાઓમાં કે જેમાં બાળકો પડી ગયા હોય તથા ફસાઈ ગયા હોય તેવા કિસ્સાઓ વધુને વધુ બનતા જાય છે. નામ. સર્વોચ્ચ અદાલતે બધા જ રાજયોને ભવિષ્યમાં આવા કિસ્સાઓને બનતા અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવા માટે ખાસ માર્ગદર્શિકા બહાર પાડી છે.

માર્ગદર્શિકા આવા કુવાઓનું બાંધકામ શરૂ કરતાં પહેલાં તથા તેના બાંધકામ દરમિયાન, તેનું બાંધકામ પૂર્ણ થયા પછી તથા પુરાણા તથા ખંડીયેર થયેલા આવા કુવાઓ માટે લેવાના વિશિષ્ટ પગલાંઓ તથા સંબંધિત સ્તરે તેની વિગતો એકઠી કરવાના વગેરે બાબતો ઉપર વિશેષ પ્રકાશ પાડે છે.

રીટ પીટીશન (સિવિલ) નં. ૩૬/૨૦૦૯માં નામ. સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા દ્વારા બોર/ટ્યૂબ વેલમાં ફસાઈ જતા બાળકોના બનાવોને અટકાવવા માટે જરૂરી પગલાં લેવા રાજ્ય સરકારોને સૂચના આપવામાં આવેલ છે. આ સૂચનાઓનો અમલ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણાને અંતે આથી નીચે દર્શાવ્યા મુજબની માર્ગદર્શક સૂચનાઓ અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

# ઠરાવ

## બોર/ટ્યૂબ વેલમાં ફસાઈ જતા બાળકોના બનાવોને અટકાવવા માટેની માર્ગદર્શિકાઓ

### (૧) બાંધકામ શરૂ કરતાં પહેલાં :

અ. જમીન / પ્રિમાઈસીસના માલિકે, બોર કુવા/પાતાળ કુવાનું બાંધકામ કાર્ય શરૂ કરતાં પહેલાં, ઓછામાં ઓછા ૩૦ દિવસ અગાઉ લેખિતમાં, જે તે વિસ્તારના સંબંધિત અધિકારીને, દા.ત.ગ્રામ વિસ્તારોના કિસ્સામાં ગ્રામ પંચાયત તથા સંબંધિત તાલુકા પંચાયતને અને શહેરી વિસ્તારોના કિસ્સામાં મહાનગરપાલિકા/નગરપાલિકાને, જે લાગુ પડતું હોય તેને, બોરકુવા/પાતાળ કુવાના બાંધકામ વિષે અચૂક જાણ કરવાની રહેશે.

બ. સરકારી/અર્ધસરકારી/ખાનગી સહિત ગુજરાત રાજયમાં કામ કરતી અથવા અન્ય રાજયોમાંથી આવતી બધીજ શારકામ એજન્સીઓની ફરજિયાત નોંધણી માટેની પધ્ધતિ ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. સાથે મુકરર કરવી જરૂરી છે. શારકામ એજન્સીઓ દ્વારા ભરવા માટેનું નમૂનારૂપ નોંધણી ફોર્મ <u>**પરિશિષ્ટ–૧માં**</u> તૈયાર કરીને આપવામાં આવ્યું છે. ગુજરાત વૉટર રીસોર્સીસ ડેવપમેન્ટ કોર્પોરેશન લી.(GWRDC) ને રાજયમાં ચાર ક્ષેત્રીય કચેરીઓ પણ છે. ચોકકસ જિલ્લાઓનો સમાવેશ કરતી GWRDC ની દરેક કચેરીનાં કાર્યક્ષેત્રની માહિતી તેઓને સમયસર પરિપત્રિત કરવામાં આવશે.

ક. જમીન/પ્રિમાઈસીસના માલિક તથા શારકામ એજન્સીની જવાબદારી માટેનું સ્પષ્ટ સીમાંકન કરવું અત્યંત જરૂરી છે. શારકામ એજન્સી જે તારીખથી બાંધકામ શરૂ કરે તે તારીખથી જે તારીખે કાર્ય પૂર્ણ કરે તે તારીખ સુધીમાં કોઈપણ અનિચ્છનીય ઘટના માટે તથા જમીન/પ્રિમાઈસીસ માલિકને કાર્ય પૂર્ણ થયા બાબતનું પ્રમાણપત્ર આપે તે તારીખ સુધીના સમય સુધી સંપૂર્ણરીતે જવાબદાર રહેશે. જમીન/પ્રિમાઈસીસના માલિક શારકામ એજન્સી પાસેથી પૂર્ણ થયા બાબતનું પ્રમાણપત્ર મેળવે તે તારીખથી કોઈપણ અનિચ્છનીય ઘટના માટે જવાબદાર રહેશે.

## ૨. બાંધકામ/સમારકામ દરમિયાન :–

અ. બોર/પાતાળ કુવા પાસે બાંધકામના સમયે નીચે દર્શાવેલ વિગતો વાળું બાંધકામનું સાઈનબોર્ડ મુકવું જરૂરી રહેશે :–
(૧) બાંધકામ / પુનઃસ્થાપન સમયે શારકામ એજન્સીનું પૂરૂં સરનામું.
(૨) કુવાની ઉપભોક્તા એજન્સી/માલિકનું પૂરૂં સરનામું.

બ. બાંધકામ દરમિયાન કુવાની આસપાસ આંકડીયાળા તારની વાડ અથવા કોઈપણ અન્ય યોગ્ય આડશ બાંધવી.

ક. કુવાના ઢાંકણની આસપાસ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ મીટર (જમીન સ્તરથી ઉપર ૦.૩૦ મીટર તથા જમીન સ્તરથી નીચે ૦.૩૦ મીટર)ના માપનું સીમેન્ટ/કોન્ક્રીટ પ્લેટ ફોર્મનું બાંધકામ.

ડ. બોલ્ટ અને નટ સહિત આવરણ પાઈપ પર ફીકસ કરવામાં આવનાર મજબૂત છત્ર કરીને અથવા સ્ટીલ પ્લેટનું વેલ્ડીગ કરીને કુવાનું ઢાંકણ બનાવવું.

ઈ. પમ્પના સમારકામના કિસ્સામાં, પાતાળ કુવાને ખુલ્લો (ઢાંકણ વિનાનો) રાખવો નહી.

## ૩. બાંધકામ પૂર્ણ કર્યા પછી :–

અ. બાંધકામ પૂર્ણ થયા પછી, શારકામ એજન્સીએ જમીનના ખાડા તથા ચેનલો પૂરવાની રહેશે.

બ. ચોકકસ સ્થળે શારકામ પૂર્ણ થયેથી, શારકામ શરૂ થતાં પહેલાં જમીનની જેવી સ્થિતિ હતી તે પ્રમાણેની સ્થિતિ કરવાની રહેશે.

ક. બાંધકામ પૂર્ણ થયા પછી, નીચેની વિગતો સહિત જમીન/પ્રિમાઈસીસના માલિકને શારકામ એજન્સીએ પૂર્ણતાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
૧. બાંધકામ શરૂ કર્યાની તથા પૂર્ણ કર્યાની તારીખ.
૨. બોર/પાતાળ કુવામાં વપરાયેલ સામગ્રી (દા.ત. પ્લાસ્ટીક/સ્ટીલનું આવરણ/કોઈપણ અન્ય)
૩. ચોકકસ ઊંડાઈ સુધી બોર/પાતાળ કુવાનો વ્યાસ.
૪. વધુ ઊંડાઈએ બોર/પાતાળ કુવાનો વ્યાસ.
૫. બોર/પાતાળ કુવાનું જળ સ્તર.

ડ. શારકામ એજન્સીએ પૂર્ણતા પ્રમાણપત્રની નકલ સહિત સંબંધિત એજન્સીને લેખિતમાં (ગ્રામ્ય વિસ્તારોના કિસ્સામાં ગ્રામ પંચાયતને તથા સંબંધિત તાલુકા પંચાયતને તથા શહેરી વિસ્તારોના કિસ્સામાં મહાનગરપાલિકા/ નગરપાલિકાને) કામ પૂર્ણ કર્યા વિષેની જાણ કરવાની રહેશે.

ઈ. તદ્દઅનુસાર સંબંધિત એજન્સીની ચકાસણી ટૂકડી/વ્યવસ્થાપક કામની ચકાસણી કરીને તેનો છેલ્લો અહેવાલ તૈયાર કરશે અને જિલ્લા કલેકટર કચેરીને તેની જાણ કરશે.

## ૪. જૂના તથા ખંડીયેર અવાવરૂ કુવાઓ માટે લેવાના પગલાંઓ :–

અ. જો વિવિધ કારણોસર બોર/પાતાળ કુવા અવાવરૂ થઈ ગયા હોય તો, આવા કુવાઓને તળિયેથી જમીનના સ્તર સુધી માટી/રેતી/પથ્થરો/કાંકરા/શારકામના ટૂકડા વગેરેથી પૂરવાના રહેશે.

બ. જો કોઈપણ કક્ષાએ, બોર/પાતાળ કુવો અવાવરૂ થયો હોય તો, સંબંધિત એજન્સી (ગ્રામ વિસ્તારોના કિસ્સામાં સંબંધિત તાલુકા પંચાયત તથા શહેરી વિસ્તારોના કિસ્સામાં મહાનગરપાલિકા/નગરપાલિકા) પાસેથી શારકામ એજન્સીએ એવી મતલબનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે કે તે અવવારૂ બોર/પાતાળ કુવો જમીનના સ્તર સુધી યોગ્ય રીતે પુરવામાં આવ્યો છે. શારકામ એજન્સીએ જમીન / પ્રિમાઈસીસના માલિકને પ્રમાણપત્રની નકલ પણ આપવાની રહેશે.

ક. શારકામ એજન્સી પાસેથી પ્રમાણપત્ર મેળવ્યા બાદ, જમીન/પ્રિમાઈસીસના માલિકે તે મુજબની, જિલ્લા કલેકટર કચેરીને જાણ કરવાની રહેશે.

ડ. અવાવરૂ કુવાઓનું સંબંધિત એજન્સી/વિભાગના વ્યવસ્થાપક દ્વારા અવારનવાર આકસ્મિક નિરીક્ષણ પણ કરવાનું રહેશે. પંચાયતો તથા નગરપાલિકા વિસ્તારોની સંકલીત વિગતોની માહિતી જિલ્લા કલેકટરની કચેરીમાં નિભાવવાની રહેશે.

## ૫. હાલના અવાવરૂં કુવાઓની માહિતી તથા તેમને પુરવા માટેના પગલાં :

અ. હાલના કુવાઓની જિલ્લા/તાલુકા/ગ્રામવાર માહિતી કે જે ખંડીયેર અને અવાવરૂ થઈ ગયા હોય, તેને તૈયાર કરવાની રહેશે. ગ્રામીણ વિસ્તારો માટે, ગ્રામ પંચાયત તથા સંબંધિત તાલુકા પંચાયતે તથા શહેરી વિસ્તારો માટે મહાનગરપાલિકા/નગરપાલિકાએ, જે લાગુ પડતું હોય તે રીતે, શહેરી ગૃહનિર્માણ તથા શહેરી વિકાસ વિભાગ દ્વારા મોજણી કરવાની રહેશે. ગ્રામીણ તથા શહેરી વિસ્તારો એમ બંને માટેની પ્રવર્તમાન ખંડીયેર–અવાવરૂ કુવાઓની વિગતો જિલ્લા કલેકટરશ્રીને મોકલવાની રહેશે કે જે આ વિગતોને વિગતવાર અને પધ્ધતિસર ગોઠવશે.

બ. ખાનગી/જાહેર લિમિટેડ કંપનીઓ દ્વારા બિનઉપયોગી કરાયેલા જુના અવાવરૂ કુવાઓ માટે પણ (દા.ત. ONGC, IOC વગેરે) ઉપર મુજબ સૂચવવામાં આવેલા વિવિધ સાધનો/પગલાંઓ મારફતે કુવાઓ પુરવાનો ખર્ચ તેમણે પોતેજ ભોગવવાનો રહેશે. બાકીના બધાજ અન્ય કિસ્સાઓમાં (દા.ત. ખેડૂતની જમીન કે એવી જમીન કે જ્યાં તેની માલિકી સ્પષ્ટ ન હોય અથવાતો સરકારી જમીન) બોરના ખોદકામ માટે જેણે મંજુરી માગેલ હશે તેણે ખર્ચ ભોગવવાનો રહેશે. જો આમ કરવામાં અરજદાર નિષ્ફળ જશે તો આ ઠરાવના ફકરા ક્રમાંક- ૯ મુજબ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૬. **બોર/પાતાળ કુવાઓની વિગતોની નિભાવણી :**

અ. શારકામ કરાયેલ બોર/પાતાળ કુવાઓની જિલ્લા/તાલુકા/ગ્રામવાર પરિસ્થિતિ દા.ત. ઉપયોગમાં લેવાતા કુવાઓની સંખ્યા, ખુલ્લા માલુમ પડેલા અવાવરૂ બોર/પાતાળ કુવાઓની સંખ્યા, જમીનના સ્તર સુધી યોગ્ય રીતે પૂરવામાં આવેલા આવા અવાવરૂ બોર/પાતાળ કુવાઓની સંખ્યા તથા જમીનના સ્તર સુધી પૂરવામાં આવનાર આવા બાકી રહેલા અવાવરૂ બોર/પાતાળ કુવાઓની સંખ્યાની વિગતોની નિભાવણી જિલ્લા કલેકટરશ્રીની કચેરીમાં કરવાની રહેશે.

બ. ગ્રામીણ વિસ્તારોમાં, ઉપરોક્ત આવા કુવાઓનું સંચાલન સંબંધિત તાલુકા પંચાયતના ઈજનેર દ્વારા કરવાનું રહેશે.

ક. શહેરી વિસ્તારોમાં, ઉપરોક્ત આવા કુવાઓનું સંચાલન સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકાના જુનિયર ઈજનેર તથા કાર્યપાલક મારફતે કરવાનું રહેશે.

ડ. છેલ્લા તબકકાની સુધારવામાં આવેલ માહિતી સંકલન માટે જિલ્લા કલેકટરની કચેરીને તથા જાણ માટે રાજ્ય સરકારશ્રીને સમયાંતરે મોકલવાની રહેશે.

૭. **સરકારી/અર્ધ–સરકારી સંસ્થાઓ/નિગમોના કિસ્સાઓમાં માર્ગદર્શિકાનું અમલીકરણ :**

અ. સરકારી/અર્ધ–સરકારી સંસ્થાઓ/નિગમોના કિસ્સાઓમાં કે જ્યાં બોર/પાતાળ કુવાઓનું બાંધકામ કરવામાં આવનાર છે/પૂરવામાં આવનાર છે તેમાં જે તે એકમના મેનેજીંગ ડાયરેકટર/ મુખ્ય કાર્યપાલક અધિકારીએ એ બાબતની અચૂક ખાતરી કરવાની રહેશે કે આ માટેના અમલીકરણની માર્ગદર્શિકાઓનું પાલન કરવામાં આવ્યું છે કે નહી તથા વખતોવખત સંબંધિત વિભાગોને/એજન્સીઓને નિયમિતરીતે માહિતીની વિગતો મોકલવામાં આવી છે કે કેમ ?

બ. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ/અન્ય સરકારી/અર્ધ–સરકારી સંસ્થાઓ/નિગમો દ્વારા સંચાલિત બોર/પાતાળ કુવાઓની વિગતો જિલ્લા કક્ષાએ ફરજિયાતપણે નિભાવવાની રહેશે. ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા સંચાલિત બોર/પાતાળ કુવાઓની નોંધણી સંબંધિત મહેસૂલી અહેવાલમાં પણ કરવાની રહેશે.

ક. કોઈપણ વિભાગ/એજન્સી/રાજય સરકારના નિગમ દ્વારા શરૂ કરવામાં આવેલા નવા પ્રોજેકટોના કિસ્સામાં ટેન્ડર દસ્તાવેજમાં એવી કલમનો સમાવેશ કરવાનો રહેશે કે સંબંધિત શારકામ એજન્સીએ એ બાબતની ખાતરી કરવાની રહેશે કે બાંધકામ દરમિયાન તથા ઉપયોગમાં ન હોય ત્યારે તે બોર/પાતાળ કુવો યોગ્ય રીતે ઢાંકવામાં આવ્યો છે કે કેમ ?

ડ. આ માર્ગદર્શિકા રીચાર્જ કુવાઓ/ખાડાઓ/ઊંડી પાઈપલાઈનોને પણ લાગુ પડશે.

૮. **માર્ગદર્શિકાનો અમલ તથા તેનું સંચાલન કરવા માટેનું વહીવટી તંત્ર :**

અ. ઉપરોક્ત માર્ગદર્શિકાનું બોર/પાતાળ કુવાઓમાં અથવા પુરાણા અવાવરૂ કુવાઓમાં પડી જતા તથા ફસાઈ જતા બાળકોના બનાવોને અટકાવવા માટે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

બ. બધીજ સંબંધિત એજન્સીઓ/વિભાગોએ આ માર્ગદર્શિકાના અમલીકરણ માટે નોડલ અધિકારીની નિયુકિત કરવાની રહેશે તથા જવાબદારીઓની માહિતી સહિત નિયુકત કરાયેલ વ્યકિતની વિગતો પણ જિલ્લા કલેકટરશ્રીને મોકલવાની રહેશે.

ક. માર્ગદર્શિકાના અમલીકરણ માટે જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત વિભાગોની સમિતિની રચના કરવાની રહેશે.

ડ. જિલ્લા કલેકટરશ્રીએ દર માસે આ સમિતિની સમીક્ષા બેઠક બોલાવવાની રહેશે તથા માર્ગદર્શિકામાં સૂચવાયેલ કામોની પરિસ્થિતિની માહિતી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને મોકલવાની રહેશે.

ઈ. જિલ્લા કલેકટરશ્રીએ જે તારીખથી આ માર્ગદર્શિકાનો અમલ કરવામાં આવ્યો હોય તે તારીખથી બધાજ પ્રકારના કિસ્સાઓનું રજિસ્ટર તૈયાર કરવાનું રહેશે. (દા.ત. ઉપયોગમાં લેવાતાં બોર/પાતાળ કુવાઓની સંખ્યા, ખુલ્લા જણાયેલ અવાવરૂ બોર/પાતાળ કુવાઓની સંખ્યા, જમીન સ્તર સુધી યોગ્ય રીતે પૂરવામાં આવેલા અવાવરૂ બોર/પાતાળ કુવાઓની સંખ્યા તથા જમીન સ્તર

સુધી પૂરવાના બાકી રહેલા અવાવરૂ બોર/પાતાળ કુવાઓની સંખ્યા) તથા દરેક કક્ષાના કિસ્સાઓને ક્રમાંક આપવાની પધ્ધતિ અમલમાં મુકવાની રહેશે.

૯. જોગવાઈઓના ભંગ બદલ દંડ :

અ. માર્ગદર્શિકાની જોગવાઈઓને પૂર્ણ કરવામાં જો કોન્ટ્રાકટર/શારકામ એજન્સી નિષ્ફળ જાય તો માર્ગદર્શિકા પૂર્ણ ન થવાના કારણે સામાન્ય પ્રજામાં ઊભા થયેલા ભયને ધ્યાને લેતાં, સત્ય હકીકતોની ચકાસણી કર્યા બાદ, કલેકટરશ્રી જોગવાઈઓ પૂર્ણ ન થયાની પોતાને જાણ થયાની તારીખથી ત્રણ દિવસમાં સંબંધિત કોન્ટ્રાકટર/શારકામ એજન્સીને બોલાવશે અને તેમને પછીના ત્રણ દિવસમાં જોગવાઈઓ પૂર્ણ કરવાની સૂચના આપશે.

બ. ત્રણ દિવસ પછી, કલેકટરશ્રીની સુચનાઓનું પાલન કરવા માટે જો એજન્સી નિષ્ફળ જાય તો કલેકટર પોતે આ કામ પૂર્ણ કરાવશે તથા કોન્ટ્રાકટર/શારકામ એજન્સી પાસેથી રૂ.૧૦,૦૦૦/– ના દંડ સહિત કામ અંગેના ખર્ચની વસૂલાત કરશે.

ક. વધુમાં, જો કલેકટરશ્રીને હકીકતોની ચકાસણી કર્યા પછી એવું લાગે કે જોગવાઈઓ ઈરાદાપૂર્વક પૂર્ણ કરેલ નથી અથવા કોન્ટ્રાકટર/શારકામ એજન્સીએ મોટી બેદરકારી દાખવી છે ત્યારે કલેકટર, Indian Penal Code (IPC)ની કલમની જોગવાઈઓ હેઠળ કોન્ટ્રાકટર/શારકામ એજન્સી સામે કાર્યવાહી શરૂ કરવા માટેના હુકમો કરશે.

આમ છતાં, માર્ગદર્શિકાના અમલીકરણ પછી પણ, જો બોર/પાતાળ કુવામાં બાળક પડી જવાનો કોઈપણ આવો કિસ્સો બને તો તાત્કાલિક સ્થાનિક આગશમન અને કટોકટી સેવાઓને (ગ્રામીણ વિસ્તારો માટે ટોલ ફ્રી નંબર ૧૦૮ પર તથા શહેરી વિસ્તારો માટે ટોલ ફ્રી નંબર ૧૦૧ પર) શોધ અને બચાવની કામગીરી શરૂ કરવા માટે જાણ કરવી. સામગ્રી તથા બોર/પાતાળ કુવાની ઊંડાઈ વિષેની વિગતો આપતાં પૂર્ણતાના પ્રમાણપત્રની નકલ, શોધ અને બચાવ કામગીરીમાં આગશમન સેવાઓને સહાય કરવા બોર/પાતાળ કુવાના માલિક દ્વારા હાથવગુ રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૧૯/૧/૨૦૧૧ના રોજ રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ કક્ષાએથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. એ. ઓઝા)
નાયબ સચિવ(રાહત)
મહેસૂલ વિભાગ,

બિડાણ : પરિશિષ્ટ-૧.

પ્રતિ,

- કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત / જૂનાગઢ / ભાવનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ,(અમલવારી માટે ઠરાવ સર્વે પ્રાંત/મામલતદાર કચેરીઓ તથા સબંધિત ખાતા/કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતીસહ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,(અમલવારી માટે ઠરાવ સર્વે તાલુકા /ગ્રામ પંચાયતોને પરિપત્રિત કરવાની વિનંતીસહ)
- નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ,(અમલવારી માટે ઠરાવ સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વિનંતીસહ)
- ગુજરાત વૉટર રીસોર્સીસ ડેવપમેન્ટ કોર્પોરેશન લી., ગાંધીનગર. (ઠરાવની અમલવારી કરવાની વિનંતીસહ)
- વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.
- માહિતી કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (લોક જાણકારી માટે જરૂરી કાર્યવાહી સારું)
- રાહત નિયામકશ્રીની કચેરી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ઉદ્યોગભવન, ગાંધીનગર

નોંધણી નં. GWRDC / /
(માત્ર કચેરીના ઉપયોગ માટે)

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ.
(ગુજરાત સરકારનું સાહસ)
સેકરટ નં.૧૦–એ, ગાંધીનગર, ગુજરાત.
ફોન નં. (૦૭૯) – ૨૩૨૨૦૪૦૨, ૨૩૨૨૦૯૮૮, ૨૩૨૨૧૦૩૯
ફેક્સ નં. (૦૭૯) – ૨૩૨૨૧૦૪૯
ઈ–મેઈલ : md-gwrdc@gujarat.gov.in

## બોરકુવા/પાતાળ કુવાના બાંધકામમાં રોકાયેલ એજન્સીની નોંધણી માટેની અરજી
(પાછળ આપેલી સુચનાઓ વાંચવા વિનંતી. માત્ર બ્લોક કેપિટલ અક્ષરોમાં જ ફોર્મ ભરવું)

૧. પેઢીનું નામ :
૨. સરનામું :
૩. માલિક (માલિકનું નામ):
૪. સંપર્ક માટેની વિગતો : STD કોડ સહિતનો ફોન નંબર
૫. ફોર્મની માલિકીની રીગ્ઝની વિગતો આપવા વિનંતી : (કોડની યાદી–૨ જોવા વિનંતી)

અ. રીગનો પ્રકાર ☐ (બ) ચેસીસ નં.: ______ (ક) નોંધણી નં.: ______
(ડ) મહત્તમ શારકામ ક્ષમતા (મીટરમાં): ______
બ. રીગનો પ્રકાર ☐ (બ) ચેસીસ નં.: ______ (ક) નોંધણી નં.: ______
(ડ) મહત્તમ શારકામ ક્ષમતા (મીટરમાં): ______
ક. રીગનો પ્રકાર ☐ (બ) ચેસીસ નં.: ______ (ક) નોંધણી નં.: ______
(ડ) મહત્તમ શારકામ ક્ષમતા (મીટરમાં): ______
ડ. રીગનો પ્રકાર ☐ (બ) ચેસીસ નં.: ______ (ક) નોંધણી નં.: ______
(ડ) મહત્તમ શારકામ ક્ષમતા (મીટરમાં): ______
ઈ. રીગનો પ્રકાર ☐ (બ) ચેસીસ નં.: ______ (ક) નોંધણી નં.: ______
(ડ) મહત્તમ શારકામ ક્ષમતા (મીટરમાં): ______
ફ. અન્ય

______________________________

૬. કામગીરીનો વિસ્તાર (કોડ યાદી ૩ જોવા વિનંતી) ☐ (કોડ યાદી ૧ માંથી કોડ નં.૧ અને ૨ માટે જિલ્લાઓની યાદી જોડવી)

અ. ______ બ. ______ ક. ______ ડ. ______

૭. ભૂગર્ભ જળના અમૂર્ત માળખાના બાંધકામનો વ્યવસાય કયારથી કરો છો ?
(વર્ષ દર્શાવવા વિનંતી) : ☐☐☐☐
૮. વ્યવસાય દરમિયાન શારકામ કરેલા કુવાઓની અંદાજિત સંખયા : ☐☐☐

આથી હું પ્રમાણિત કરૂં છું કે મારા દ્વારા અપાયેલ ઉપરોક્ત માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તારીખ : ______
સ્થળ : ______

..............................
અધિકૃત અધિકારી

# <u>સુચનાઓ</u>

- નોધણી ફોર્મ બે નકલમાં ભરવા.
- બોર/પાતાળ કુવાઓના બાંધકામમાં રોકાયેલી બધીજ એજન્સીઓ માટે નોધણી ફરજિયાત છે.
- ફોર્મ માત્ર બ્લોક કેપિટલ અક્ષરોમાં જ ભરવું.
- અધુરા/ખોટી રીતે ભરાયેલા ફોર્મ સ્વીકારાશે નહી.
- શારકામ રીગ્ઝની માલિકી હોય માત્ર તેવી જ ફર્મની નોધણી કરાશે તથા તે જ રીગ એકથી વધુ ફર્મ સાથે નોંધાયેલ ન હોવી જોઈએ.
- રીગની માલિકી/એન્જિન નંબર/ચેસીસ નંબર/વીમાની માહિતીની વિગતો દર્શાવતી પ્રમાણિત નકલ અચૂક જોડવી. તેમાં નિષ્ફળ જવાથી અરજી સ્વીકારાશે નહી.
- જો નોધણી થયા પછી રીગ સંપાદિત કરવામાં આવી હોય તો તેની વિગતો **GWRDC** ની સંબંધિત વડી કચેરીને પૂરી પાડવાની રહેશે.

<u>કોડ યાદી ૧ :-</u>

જિલ્લો તથા કોડ નં. (બાબત ક્રમાંક ૬ માટે)

| જિલ્લો | કોડ | જિલ્લો | કોડ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧ | મહેસાણા | ૧૪ |
| અમરેલી | ૨ | નર્મદા | ૧૫ |
| આણંદ | ૩ | નવસારી | ૧૬ |
| બનાસકાંઠા | ૪ | પંચમહાલ | ૧૭ |
| ભરૂચ | ૫ | પાટણ | ૧૮ |
| ભાવનગર | ૬ | પોરબંદર | ૧૯ |
| દાહોદ | ૭ | રાજકોટ | ૨૦ |
| ડાંગ | ૮ | સાબરકાંઠા | ૨૧ |
| ગાંધીનગર | ૯ | સુરત | ૨૨ |
| જામનગર | ૧૦ | સુરેન્દ્રનગર | ૨૩ |
| જુનાગઢ | ૧૧ | તાપી | ૨૪ |
| કચ્છ | ૧૨ | વડોદરા | ૨૫ |
| ખેડા | ૧૩ | વલસાડ | ૨૬ |

<u>કોડ યાદી ૨ :-</u>

રીગ્ઝનો પ્રકાર (બાબત ક્રમાંક ૫ માટે)

| રીગનો પ્રકાર | કોડ |
|---|---|
| સીધી ચક્રગતિ | ૧ |
| ઊંધી ચક્રગતિ | ૨ |
| DTH | ૩ |
| સંયુક્ત (DTH/ચક્રગતિ) | ૪ |
| ટકરાવ | ૫ |
| હેલીકસ | ૬ |
| અન્ય (સ્પષ્ટતા કરવી) | ૭ |

<u>કોડ યાદી ૩ :-</u>

કામગીરીનો વિસ્તાર (બાબત ક્રમાંક ૬ માટે)

| કામગીરીનો વિસ્તાર | કોડ |
|---|---|
| એક જિલ્લો | ૧ |
| બે થી ચાર જિલ્લા | ૨ |
| સમગ્ર રાજ્ય | ૩ |